ગુજરાતમિત્ર
શો ટાઈમ
ગુરુવાર ૦૨ મે, ૨૦૨૪



અમિતાભ પાસે અત્યારે 'બી હેપી', 'ધ ઈન્ટર્ન', 'આંખે-2', 'સેક્શન 84', 'ઈશ્ક ચકલ્લસ', 'તાલીસમાન', 'વિઝડ્મ ફોર હીરોઝ', 'ધ ગ્રેટમેન' સહિતની ફિલ્મો છે. અમિતાભના સ્ટારડમને પડકારવાનો પ્રયત્ન ભૂતકાળમાં પણ ખૂબ થયો. વિનોદ ખન્નાને બીજા અમિતાભ તરીકે ઓળખાવાયો, પણ બધા અમુક વર્ષ પછી શમી ગયા

### સિંઘ, કપૂર, ભાઈજાન, બાદશાહ..... પણ

# 'બીગ બી' જ બોલિવુડના શહેનશાહ

સ્ટાર દમ

આમ તો કોઈના જેવું કોઈ ન થઈ શકે પણ અમિતાભ જેવું તો કોઈ જ ન થઈ શકે. દિલીપકુમાર ગ્રેટ હતા ને છે, પણ તેઓ ય અમિતાભ ન થઈ શકેલા. બંનેનો સમય જૂદો હતો એટલે તુલના ખોટી છે પણ વાત અહીં કામ કરવાની ક્ષમતા અને અભિનયમાં એંસીમા વર્ષે પણ કશુંક પુરવાર કરવાનું ઝનૂન આ અમિતાભમાં ખૂટયું નથી. હમણાં 'કલ્કિ 2898 એડા'માં અમિતાભનું લુક જાહેર થયું, જેમાં તે અશ્વત્થામા તરીકે છે. સાઉથના દિગ્દર્શક નાગ અશ્વિનની આ ફિલ્મ 9મીમે એ આવી રહી છે. જેમાં પ્રભાસ, દીપિકા પાદુકોણ, કમલ હાસન, દલકીર સલમાન, દિશા પટની, રાના દગ્ગુબાતી જેવા જબરદસ્ત સ્ટાર્સ ભેગા કરાયા છે અને ફિલ્મનો પ્રચાર અમિતાભના નેતૃત્વમાં થઈ રહ્યો છે. જો લોકસભાની ચૂંટણીને કારણે ફિલ્મની રજૂઆત પાછળ ન ખેંચાય તો 9મી મે આ વિજ્ઞાનકથા ધરાવતી ફિલ્મ થિયેટરો ગજાવશે. અમિતાભ અત્યારે 81 વર્ષના છે. આટલી ઉંમરનો અભિનેતા પ્રેક્ષકો માટે ટોપ પર હોય એવું ક્યારેય બન્યું નથી. અશોકકુમારે જિંદગીના છેલ્લા વર્ષ સુધી કામ કર્યું. પણ ફિલ્મનાં કેન્દ્રમાં રહીને નહીં, નાની- મોટી ભૂમિકા હોય. અમિતાભ તો આજે કોઈ ફિલ્મમાં નાની ભૂમિકા કરે તો પણ મોટી પુરવાર થાય છે. આ કારણે જ આજે પણ તેમની પાસે 14-15 ફિલ્મો છે અને એવા અનેક નિર્માતા-દિગ્દર્શક છે જે પોતાની ફિલ્મની પટકથા અમિતાભને સંભળાવવા આતુર છે. 'ઝંજીર' પછી અમિતાભને નવરાશનો સમય મળ્યો જ નથી. એ જ્યારે નિષ્ફળતામાં સપડાયેલા ત્યારે પણ સૌથી વધુ વ્યસ્ત હતા.

ખાબોચિયાની માછલીએ ખાબોચિયાના પાણી પૂરતું જ લડવાનું હોય જ્યારે દરિયાની માછલીના માથે હંમેશા દરિયો હોય, અમિતાભનો મુકાબલો કોઈ સાથે નથી. તેણે પોતાના માટે ઊભા કરેલા માપદંડથી જ પોતાને માપવાના છે ને અમિતાભનો માપદંડ 'ઊંચો' છે. અમિતાભ જ્યારે પણ એ માપદંડ પાસે જાય છે ત્યારે જરાક વધુ ઊંચો કરે છે. ટૂંકા માપમાં અમિતાભ આવી ન શકે. અમિતાભ પાસે અત્યારે 'બી હેપી', 'ધ ઈન્ટર્ન', 'આંખે-2', 'સેક્શન 84', 'ઈશ્ક ચકલ્લસ', 'ટેલીસમેન', 'વિઝડ્મ ફોર હીરોઝ', 'ધ ગ્રેટમેન' સહિતની ફિલ્મો છે. અમિતાભના સ્ટારડમને પડકારવાનો પ્રયત્ન ભૂતકાળમાં પણ ખૂબ થયો. વિનોદ ખન્નાને બીજા અમિતાભ તરીકે ઓળખાવાયો, પણ બધા અમુક વર્ષ પછી શમી ગયા. વિનોદ ખન્નાની ટેલેન્ટ ઓછી નહોતી, પણ ટેલેન્ટથી કાંઈ અમિતાભ નથી થવાતું, અમિતાભ હોવાથી જ અમિતાભ થવાય. વિત્યા બે દાયકાથી શાહરૂખ ખાન મથે છે કે તેને અમિતાભ જેવું માન મળે. તેણે અમિતાભે સફળ કરેલી ફિલ્મોની રિમેકમાં કામ કરી પોતાને એની એ જ ભૂમિકામાં શ્રેષ્ઠ પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો પણ ન થયો. 'હમ જહાં ખડે હોતે હે.. લાઈન વહીં સે શુરૂ હોતી હે' ડાયલોગ 1981માં રજૂ થયેલી 'કાલિયા' ફિલ્મનો છે. આજે 43મા વર્ષે પણ એ ડાયલોગ ફક્ત અમિતાભ જ બોલી શકે તેમ છે. શાહરૂખ હમણાં બે-ત્રણ વર્ષ મોટી નિષ્ફળતામાંથી પસાર થયો ત્યારે નવી સફળતા માટે ભારે ઝાંવાં માર્યાં. 'પઠાણ' અને 'જવાન' ફિલ્મે ફરી તેને તેનું સ્થાન અપાવ્યું, પણ તે એટલો બધો સાવધ રહે છે કે ક્યાંક ફરી નિષ્ફળ ન જાઉં એટલે તે નિર્માતા-દિગ્દર્શક-લેખક સાથે બેસી લાંબો સમય પ્લાન બનાવે છે ને હકીકત એ છે કે અમિતાભ અત્યારે 14 ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે અને શાહરૂખ પાસે એક 'કિંગ' ફિલ્મ જ છે. દિલીપકુમાર, રાજકપૂર, દેવઆનંદથી માંડી ધર્મેન્દ્ર, શમ્મી કપૂર, રાજકુમાર અને એ રીતે શાહરૂખમાં પણ એક એક્સ્ટ્રા ઑરા છે. આ ઑરા અભિનય ઉપરાંત સ્વયં પોતાના વ્યક્તિત્વને કારણે ઊભો થાય છે. નસીરુદ્દીન શાહ ઉત્તમ અભિનય કરે તો પણ એ ઑરા પેદા ન કરી શકે. રાજાનો વેશ ધરવાથી બધા રાજા ન થઈ શકે અને રાજા હોય તે એવો વેશ ન ધરે તો પણ રાજાની જેમ શોભે. અમિતાભનો ઑરા મહારાજાનો છે અને તે તેણે સતત કામ કરતા રહીને ઊભો કર્યો છે.


અભિનય સિવાય તેણે કશું કર્યું નથી. કરી જોયું અને સમજાયું કે તે આપણું કામ નહીં અને પાછો ફરી ગયો. રાજકારણથી માંડી ફિલ્મનિર્માણ અને સૌંદર્યસ્પર્ધાના આયોજન પણ કરી જોયાં. પછી તેણે સ્વીકાર્યું કે મારે અભિનય જ મુખ્ય છે ને લોકો મને પરદા પર જ જોવા ઈચ્છે છે તો બીજું બંધ કર્યું. હા, ટી.વી. જાહેરાત તેની લોકપ્રિયતાના જ હિસ્સા રૂપે છે અને 'કૌન બનેગા કરોડપતિ'ની સિઝન પછી સિઝન પણ અભિનેતા+ અમિતાભ બચ્ચનની છે. એક અર્થમાં તે દેશની ચાર પેઢીનાં સપનાં, ઈચ્છાઓનું નેતૃત્વ કરે છે.

શાહરૂખ ખૂબ સારો અભિનેતા અને સ્ટાર છે પણ ખોટો ઘમંડ લઈને બહુ ફરે છે. એવોર્ડ વિતરણ સમારંભના એન્કરીંગમાં તે અનેક સ્ટાર્સ સાથે અપમાનિત વ્યવહાર કરે છે તેને તેની ગ્રેટનેસ માથે ચડી ગઈ છે. રાજેશ ખન્ના જેટલી નહીં તોય ચડેલી છે. તેને પોતાની ટક્કરના કોઈ સ્ટાર ગમતાં નથી એટલે સલમાન, આમીર સાથે પણ ઝઘડયો છે. પણ શાહરૂખ પોતાની તાકાતથી કોઈ પણ ફિલ્મ સફળ નથી કરી શકતો. 'ઝીરો' એ તેને ઝીરો પુરવાર કરેલો. તે રોમેન્ટિક ફિલ્મો માટે સારો છે, પણ હવે એક્શનમાં મહારથી પુરવાર થવા મથે છે. અમિતાભે દરેક શૈલીની ફિલ્મમાં શ્રેષ્ઠતા પુરવાર કરી છે અને પ્રયત્નપૂર્વક નહીં, સહજ રીતે તેની ગ્રેટનેસ પ્રયત્નથી નહીં, સાહજિક રીતે સિધ્ધ થયેલી છે. કોઈ પણ સ્ટારે અમિતાભનો અભ્યાસ કરવો જોઈએ. ●

---

# નવી દિશા, નવું લક્ષ્ય

ગ્લેમર




દિશા પટનીને લાગી રહ્યું છે કે 'કલ્કી 2898-એડી' ફિલ્મ તેના માટે ખાસ બનીને આવશે અને તેથી તે રાહ જોઈ રહી છે કે આ ફિલ્મ રજૂ થતી ફિલ્મોની એક્ટ્રેસ માને છે. ઓટીટી પર તેની ફિલ્મો રજૂ થઈ નથી. એટલે તે એવું માને તો ખોટું નથી અને એ વાત પણ સ્પષ્ટ છે કે તેણે પોતાની દિશા બહુ નક્કી રાખી છે. તેને સમજાઈ ગયું છે કે તે ફિલ્મજગતની પ્રથમ પાંચ સ્ટાર એક્ટ્રેસમાં એક હોઈ શકે છે. નાગ અશ્વિનની અત્યંત મહત્ત્વાકાંક્ષી ફિલ્મમાં પોતે છે તેને તે પોતાની આજ સુધીની જર્નીમાં મહત્ત્વના પડાવ તરીકે ગણે છે. આ વર્ષે તેની સિધ્ધાર્થ મલ્હોત્રા સાથેની 'યોધ્ધા' આવી હતી. બાકી 2023નું વર્ષ ખાલી જ ગયેલું તે કહે છે કે મારું કામ તો ફિલ્મોમાં કામ કરવાનું છે. ફિલ્મ ક્યારે રજૂ થાય તેની પર મારું નિયંત્રણ નથી હોતું. પણ તે કહે છે કે દરેક મહત્ત્વની ફિલ્મ અમારા માટે શિખર પર લઈ જનારાં પગથિયાં જેવી હોય છે, ચાહે તે 'બાગી-2' અને બાગી-3 હોય કે સલમાન ખાન સાથેની 'ભારત' હોય કે 'મલંગ' કે પછી 'રાધે' હોય. દિશા આજની પેઢીના સ્ટાર્સ સાથે કામ કરી રહી છે. દિશા પટની મુંબઈ ફિલ્મોદ્યોગના નિર્માણ દિગ્દર્શક જેટલું જ મહત્ત્વ સાઉથના નિર્માતા-દિગ્દર્શકોને આપે છે અને કહે છે કે દક્ષિણના ફિલ્મમેકર્સ હોલીવુડની સ્પર્ધા કરવાની ક્ષમતા વિકસાવી ચૂક્યા છે અને ભારતીય પુરાણો, મહાકાવ્યોમાં જે સુપરહીરો છે તેને તેના આધુનિક રૂપે ફિલ્મમાં લાવી રહ્યા છે. સુપરહીરો ફિલ્મો આપોઆપ ભવ્યતાથી ભરેલી હોય છે ને તેનાં દરેક પાત્રો મોટાં બનતાં હોય છે. 'કલ્કિ 2898-એડી'માં તેની સાથે દીપિકા પાદુકોણ પણ છે. દિશા કહે છે કે વધારે સ્ટાર્સ એ અત્યારની બોક્સ ઓફિસની જરૂરિયાત છે. દિશા અત્યારે 7-8 મોટી ફિલ્મોમાં વ્યસ્ત છે અને તેમાં સાઉથની 'કાંગુવા' પણ છે, જેની કહાણી પણ થોડી સદી પાછળ લઈ જશે. સિવા દિગ્દર્શિત એ ફિલ્મમાં સૂરીયા, બોબી દેઓલ છે. તો 'સંઘમિત્રા' નામની ફિલ્મમાં પણ બૌદ્ધકાળ છે. અહેમદખાન દિગ્દર્શિત 'વેલકમ ટુ ધ જંગલ'માં અક્ષય કુમાર અને સંજયદત્ત સાથે તે એક્શન, એડવેન્ચર્સ કરશે. ટાઈગર શ્રોફ ફરી પાછી તે 'હીરો નંબર વન'માં દેખાશે તો 'કેટીના' ઘણો વખત બની રહી છે તેનો તેને ઈંતેજાર છે. તે એક જૂદો ટ્રેક ધરાવે છે.

'આવારા પાગલ દિવાના-2'માં અક્ષય કુમાર ઉપરાંત શાહીદ કપૂર છે. તેની એક ફિલ્મ 'એએએ' છે જેમાં અલ્લુ અર્જુન અને વિદ્યુત જામવાલ છે અને તેમાં ભરપૂર એક્શન છે. એ ફિલ્મ એટલીના દિગ્દર્શનમાં બની રહી છે. દિશા વર્તમાન સમયના ટોપ દિગ્દર્શકો સાથે કામ કરી રહી છે જે સિનેમાની ટેકનીક બાબતે પણ એકદમ નિષ્ણાત છે. દિશા કહે છે કે સિનેમાની ટેક્નોલોજીના ઉપયોગ વિના આજની ફિલ્મ નવી પેઢીને આકર્ષી ન શકે. ●

---

લાઈમ લાઈટ



# સોનાક્ષીનું નવું આસમાન

હમણાં સલમાન ખાન સાથે લગ્ન થઈ ગયા હોવાની પોતાના વિશેની અફવાથી સોનાક્ષી સિંહા અકળાયેલી છે? ના, જરાય ના. તે કહે છે કે મિડિયાએ સલમાનના અનેક વાર લગ્ન કરાવ્યા છે અને તે હજી અપરિણીત છે. અરે, ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાના તલાકના સમાચાર આવ્યા ત્યારે પણ તેને સલમાન સાથે પરણાવી દેવાયેલી તો આવી વાતોથી શું ફરક પડે છે? સોનાક્ષી હવે ઘણી સ્વસ્થ રહી પ્રતિભાવો આપે છે. તે કહે છે કે કામ કરતાં રહેવું એ જ સાચો રસ્તો છે અને અત્યારે સંજય લીલા ભણશાલીની 'હીરામંડી'માં પોતે ફરીદાન તરીકે જે ભૂમિકા ભજવે છે તે વધારે અગત્યની છે. સારી વેબસિરીઝ હોય તો કામ કરવું જોઈએ કારણ કે તેનાથી પોતાની ટેલેન્ટ પણ નિખરે છે. સોનાક્ષી 'દહાડ'માં કામ કરવાના અનુભવને પણ સુખદ ગણે છે. તે ચોખ્ખું કહે છે કે આજે હવે આ માધ્યમ કે તે માધ્યમ વચ્ચે ફરક પાડવાનો અર્થ નથી. અમારું કામ અભિનયનું છે ને જ્યાં સારી ભૂમિકા મળે ત્યાં અમે તૈયાર છીએ.

સોનાક્ષી સિંહા માને છે કે કારકિર્દીમાં સારા-નરસા તબક્કા તો બધાને જ આવે છે. બહુ મોટો ફિલ્મોદ્યોગ છે અને તેથી સ્પર્ધા પણ છે પરંતુ દરેકના તબક્કા આવે છે. ક્યારેક એક ફિલ્મ ખૂબ ચાલે અને સ્ટાર્સ ચાલી નીકળે ક્યારેક એક પછી બીજી ય ફિલ્મ ન ચાલે તો સ્ટાર્સની પીછેહઠ થાય. ●